કોર્ટ કેસોના રજીસ્ટરો નિયમિત રાખવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૨૯૮૯-૬૧૯૩-ડ,
સચિવાલય, ગાંધીનગર
તા. જુલાઇ ૧૯૯૩

26 JUL 1993

**પરિપત્ર :**

સરકારના ધ્યાન પર આવ્યું છે કે કેટલા જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓની કચેરીઓમાં કોર્ટ કેસના એકવીટલ રજીસ્ટર વ્યવસ્થિત રીતે રાખવામાં આવતા નથી તે સંદર્ભમાં એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે છુટી ગયેલા કેસોના ચુકાદાની નકલો જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ તરફથી મોકલવામાં નહી આવતી હોવાથી એકવીટલ રજીસ્ટરમાં તેની નોંધ થઇ શકતી નથી. ક્રિમીનલ પ્રોસીજર કોડ સને ૧૯૭૩ની કલમ ૩૬૫ માં એવી જોગવાઇ કરવામાં આવેલી છે કે સેશન્સ કોર્ટ વિગેરે તેમના તરફથી ચલાવવામાં આવેલ કેસોના ચુકાદાની નકલો અને સજાની વિગતો સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને મોકલશે. ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૩ના નિયમ ૨૭૧ માં જોગવાઇ કરવામાં આવી છે કે આવા ચુકાદાઓની નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પોલીસ કમિશનરશ્રી/જિલ્લા પોલીસ અધિકારીઓને ચકાસણી કરવા માટે મોકલશે. આ પ્રકારે કાર્યવાહી થતી ન હોવાથી એકવીટલ રજીસ્ટરમાં નોંધ કરી શકાતી નથી અને રજીસ્ટરો અપુર્ણ રહે છે. આથી દરેક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને વિનંતી કરવાની કે જે કેસોમાં કોર્ટ તરફથી જજમેન્ટ આપવામાં આવે તે દરેકની નકલ લાગતા વળગતા જિલ્લા પોલીસ અધિકારી/ પોલીસ કમિશનરશ્રીઓને ચકાસણી માટે તથા આગળની કાર્યવાહી માટે નિયમિત રીતે મોકલી આપવી.

પ્ર. ન. દોશી
(પ્ર. ન. દોશી)
નાયબ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ
૧: સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
૨: પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. અમદાવાદ.
૩: સર્વે પોલીસ કમિશનરશ્રીઓ/સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ